# ૧૭ ડિસેમ્બરે વડાપ્રધાન મોદીના હસ્તે ડાયમંડ બુર્સ ખૂલ્લું મૂકાશે

## સુરત હીરા બુર્સના ઉદ્‌ઘાટનની તારીખ નક્કી : સુરત હીરા બુર્સ મેનેજમેન્ટ કમિટીએ ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટનની તૈયારીઓ શરુ કરી દીધી

સુરત,તા.૫

સુરતમાં ડાયમંડ બુર્સના ઉદ્ઘાટનનું કાઉન્ટ ડાઉન શરુ થઇ ચુક્યું છે. મહત્વનુ છે કે અગાઉ હીરા બુર્સની મેનેજિંગ કમિટીના સભ્યો નવી દિલ્હી જઇને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રૂબરૂ મળીને ઉદ્‌ઘાટનમાટે તારીખ માંગવામાં આવી હતી.

દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, દુનિયાનું સૌથી મોટું ડાયમંડ ટ્રેડીંગ હબ એટલે સુરત ડાયમંડ બુર્સ જેના ઉદ્ઘાટન માટે આજે સાંસદ સી.આર.પાટીલ, ડાયમંડ બુર્સના ચેરમેન વલ્લભભાઈ લાખાણી, ગોવિંદભાઈ, નાગજીભાઈ,લાલજીભાઈ,ઈશ્વરભાઈ નાવડિયા, અરવિંદ ભાઈ ધાનેરા, મથુર ભાઈ સવાણી સહિતના આગેવાનો ભેગા થઈને પીએમ નરેન્દ્ર મોદીને રૂબરૂ મળીને ડાયમંડ બુર્સના ઉદ્ઘાટન માટેની તારીખ માંગવામાં આવી હતી. જેની આખરે તારીખ જાહેર કરવામાં આવી છે. આગામી ૧૭ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ડાયમંડ બુર્સ ખૂલ્લું મૂકાશે. સહકારી ધોરણે રૂ.૩૪૦૦ કરોડના અંદાજિત ખર્ચે સુરતના ખજોદ ખાતે તૈયાર થયેલા અને વિશ્વના સૌથી મોટા હીરા બજાર તરીકે ખ્યાતિ પામી રહેલા સુરત હીરા બુર્સના ઉદ્‌ઘાટનની તારીખ ફાઈનલ થઈ ગઈ છે. સુરત હીરા બુર્સના ચેરમેન,કિરણ જેમ્સના વલ્લભભાઈ એસ. લાખાણીએ જણાવ્યું હતું કે ગઈ તા.૨ ઓગસ્ટે નવસારીના સાંસદ અને ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલના પ્રયાસોથી હીરા બુર્સનું ડેલિગેશન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રૂબરું મળ્યા હતા. ત્યારે ૧૭ અને ૨૪ ડિસેમ્બર એમ બે પૈકી એક તારીખ ઉદ્‌ઘાટન માટે નિશ્ચિત કરવાની હતી. એ પછી સુરત હીરા બુર્સની મળેલી કમિટી મિટીંગમાં નક્કી થયા મુજબ તા.૧૭મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સુરત હીરા બુર્સનું ઉદ્‌ઘાટન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.વલ્લભભાઈ લાખાણીએ વધુમાં જણાવ્યું હતું કે ઉદ્‌ઘાટન સમારોહ ભવ્યાતિભવ્ય રીતે યોજવામાં આવશે. આ પ્રસંગે દેશ દુનિયાના દિગ્ગજ હીરા ઉદ્યોગપતિઓ, ગણયમાન્ય વ્યક્તિઓને ખાસ આમંત્રિત કરીને સુરત હીરા બુર્સના ઉદ્‌ઘાટન સમારોહમાં સહભાગી કરવામાં આવશે. ઉદ્‌ઘાટન સમયે ૪૨૦૦ પૈકી વધુમાં વધુ ઓફિસો કાર્યરત થઈ જાય એ માટે હાલ યુદ્ધસ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હીરા બુર્સમાં હીરા ઉદ્યોગપતિઓને જરૂરી તમામ સેવા સુવિધાઓ જેવી કે વેલ્યુશન, વજન, સર્ટિફિકેશન, બોઈલિંગ સહિતની સુવિધાઓ પણ હિરા બુર્સમાં જ ઉપલબ્ધ બની જશે. આ ઉપરાંત હીરા બુર્સ સંકુલમાં જ સ્ટેશનરી, હીરા ઉદ્યોગને લગતા ટુલ્સ એન્ડ ઈક્વીપમેન્ટ્સ, ઓફિસ સ્ટેશનરી વગેરેની સુવિધાઓ પણ ઉદ્‌ઘાટન પહેલા બુર્સમાં કાર્યરત કરી દેવામાં આવશે.



મણિપુરમાં દિનપ્રતિદિન થઈ રહેલ હિંસાના વિરોધમાં ઈન્કમટેક્સ ખાતે દેખાવો કરવામાં આવ્યા હતા અને વિરોધ કરાયો હતો.

# ગીરગઢડા ખાતે ૭૪મો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ ઉજવાયો

## ભુપેન્દ્ર પટેલ દ્વારા વનમહોત્સવનું આયોજન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું, વૃક્ષારોપણ ઓક્સીજનરથનું પણ પ્રસ્થાન

ગીર સોમનાથ,તા.૫

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા કરાયેલા વનમહોત્સવના આયોજન અનુસંધાને ગીર સોમનાથ ખાતે પણ ૭૪મો જિલ્લાકક્ષાનો વન મહોત્સવ ઉજવાયો હતો. મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું. વૃક્ષારોપણ, ઓક્સીજનરથનું પણ પ્રસ્થાન કરાવાયું હતું.

સામાજીક વનીકરણ ક્ષેત્રે સક્રિય લોકભાગીદારી વધારવા રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજાય રહ્યા છે. ગીર ગઢડા ખાતે ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાના અધ્યક્ષસ્થાને ૭૪મો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં તમામ મહાનુભાવોનું તુલસીના રોપાથી ઉષ્માભર્યુ સ્વાગત કરાયું હતું. જ્યારે પોતાના ઉદ્‌બોધનમાં દંડક એ જણાવ્યું હતું કે, મનુષ્યને જન્મથી લઈ મૃત્યુ સુધી વૃક્ષની જરૂર પડતી હોય છે. કોરોનાકાળમાં વૃક્ષ દ્વારા તમામને ઓક્સિજનની મહત્તા સમજાઈ છે. વન મહોત્સવ દ્વારા વૃક્ષ વાવેતર તેમજ વૃક્ષનું જતન સમજવું ખૂબ જરૂરી છે.

જ્યારે મુખ્ય વન સંરક્ષક આરાધના સાહુએ જણાવ્યુ કે, સામાજીક વનીકરણ ક્ષેત્રે ગુજરાત અગ્રણી બન્યું છે. ગુજરાત સરકાર દ્વારા પણ 'આરોગ્ય વન', 'કવચ વન', 'સાંસ્કૃતિક વન' જેવા વિવિધ વન દ્વારા હરિયાળી ક્રાંતિ લાવવામાં આવી રહી છે. આ તમામનો હેતુ હરિયાળી લાવવામાં લોકભાગીદારી વધારવાનો છે.

### રાજ્યમાં વધુ એકવાર ઝેરી કેમિકલ પીવાની ઘટના

# પોરબંદરમાં ઝેરી કેમિકલ પીવાથી બે માછીમારના મોત નિપજ્યા

## સમુદ્રમાં માછીમારી દરમિયાન કેમિકલ ભરેલો કેરબો મળ્યો જેમાંથી આઠથી દસ લોકોએ કેમિકલ પીધો હતો

પોરબંદર, તા.૫

રાજ્યમાં વધુ એકવાર ઝેરી કેમિકલ પીવાની ઘટના સામે આવી છે. પોરબંદરમાં ઝેરી કેમિકલ પીવાથી ૨ માછીમારના મોત થયાં છે તેમજ સાતથી વધુ લોકો સારવાર હેઠળ છે. સમુદ્રમાં માછીમારી દરમિયાન કેમિકલ ભરેલો કેરબો મળ્યો હતો. જેમાંથી આઠથી દસ લોકોએ કેમિકલ પીધો હોવાની વિગતો સામે આવી છે. ઝેરી કેમિકલના કેરબામાંથી ૭થી વધુ માછીમારોએ કેમિકલ પી લેતા હાલત ગંભીર છે. ઝેરી કેમિકલ પી લેતા આ લોકોને પેટમાં દુખાવાની સમસ્યા થઈ હતી જે બાદ હોસ્પિટલમાં જતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. જે ઝેરી કેમિકલ ક્યાંથી આવ્યો અને કેટલા લોકોએ પીધું હતું તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે, જેમાં અત્યારે તમામ નાની હોડીઓમાં સર્ચની કામગીરી હાથ ધરી છે તેમજ સાવચેતીના ભાગરૂપે સુભાષનગરના લોકોની પૂછપરછ પણ શરૂ કરાઈ છે. કેમિકલની તપાસ માટે FSLમાં મોકલાયું છે. જો કે, FSLનો રિપોર્ટ આવ્યા બાદ જ હકીકત બહાર આવશે

સારવાર લઈ રહેલા દર્દીના નામ

રવી ભીમજી કિશોર, ઉ.વ ૩૧ (સુભાષનગર)

વિજય હરજી સલેટ, ઉ.વ ૩૫ (સુભાષનગર)

કિશોર લાલજી ચામડિયા, ઉ.વ ૪૧ (સુભાષનગર)

વિજેશ ચીના પવનીયા, ઉ.વ ૪૯ (સુભાષનગર)

જયેશ હરજી ચામડીયા, ઉ.વ ૩૨ (સુભાષનગર)

મુકેશ હીરા જેબર, ઉ.વ ૪૭ (સુભાષનગર)

ભીખુ છગન ચૌહાણ, ઉ.વ ૪૭ (સુભાષનગર)

# કડીની પૂજા હોસ્પિટલનાં ત્રણ સોનોગ્રાફી મશીન સીલ કરાયા

## બે મહિના પૂર્વે ગેરકાયદે જાતિ પરીક્ષણ અંગે કરેલા સ્ટિંગ ઓપરેશનમાં વિવિધ ક્ષતિઓ બહાર આવી હતી

મહેસાણા,તા.૫

કડીની પૂજા હોસ્પિટલનાં ત્રણ સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યા છે. જિલ્લા આરોગ્ય અધિકારીએ કરેલા સ્ટિંગ ઓપરેશનમાં હોસ્પિટલ દ્વારા કરાતાં સોનોગ્રાફીમાં ક્ષતિઓ જણાતા મશીનો એફએસ એલમાં મોકલવામાં આવ્યા છે.

જિલ્લાની અંદર ગર્ભ પરીક્ષણ રોકવા માટે જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા મહેસાણા જિલ્લાની વિવિધ હોસ્પિટલો સ્ટિંગ કરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

ડમી દર્દીઓ મોકલી વિવિધ હોસ્પિટલની અંદર સોનોગ્રાફી અને ગર્ભ પરીક્ષણ થાય છે કે નહીં તે મુદ્દે તપાસ કરી હતી. જોકે આ તપાસમાં કેટલીક હોસ્પિટલોમાં ક્ષતિઓ જોવા મળી હતી. જેને પગલે કડીની પૂજા હોસ્પિટલ માંથી ત્રણ જેટલા સોનોગ્રાફી મશીન સીલ કરી તેને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. ગ્રાફી મશીન સીલ કરવા હુકમ કર્યો હતો. કડીની પૂજા મેટરનિટી હોમમાં બે મહિના પૂર્વે ગેરકાયદે જાતિ પરીક્ષણ અંગે કરેલા સ્ટિંગ ઓપરેશનમાં વિવિધ ક્ષતિઓ બહાર આવી હતી. આરોગ્ય વિભાગે તબીબ ડૉ.રજનીકાંત ત્રિવેદીને નોટિસ પાઠવી સુનાવણી હાથ ધરી હતી અને ત્યાર બાદ આરોગ્ય વિભાગે મશીન સિલ કરી ગાંધીનગર એફએસએલમાં મોકલી આપ્યા છે. જોકે આ મુદ્દે પૂજા હોસ્પિટલના માલિક ડોક્ટર રજનીકાંત ત્રિવેદી પોતાની નિર્દોષ કહ્યા છે. તેઓ કહે છે કે જો સોનોગ્રાફી મશીનમાં ક્ષતિ હતી તો છ મહિના પહેલા જ આરોગ્ય વિભાગના અધિકારીઓએ સોનોગ્રાફી મશીન ચેક કરીને તેનું સર્ટી પણ આપ્યું છે તો તે સમયે કેમ જાણ ન કરાય.મહેસાણા જિલ્લાની વિવિધ હોસ્પિટલોમાં ગર્ભ પરીક્ષણને લઈ અવારનવાર તપાસ હાથ ધરવામાં આવે છે.

કેટલાક કેસોમાં ગર્ભ પરીક્ષણ પકડાય છે પણ ખરું પરંતુ જિલ્લા આરોગ્ય અધિકારીની ઢીલી નીતિના કારણે ડોક્ટરો છૂટી જતા હોય છે ત્યારે ફરી એકવાર ગર્ભ પરીક્ષાના નામે જિલ્લા આરોગ્ય અધિકારીએ તપાસ શરૂ કરી છે. ત્યારે જોવાનું રહ્યું કે આ કેસમાં પણ ભીનું સંકેલાય છે કે પછી કોઈ નક્કર કાર્યવાહી થાય છે. તંત્રની કાર્યવાહીને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી છે.

### ૬૨૫થી વધુ વાહનોને તાળા મરાતા લોકોમાં ફફડાટ

# ઉત્તર પશ્ચિમ ઝોનમાં રૂ.૨૫ લાખ દંડ વસૂલાયો

## ગેરકાયદેસર રીતે પાર્ક કરેલ ૬૪ વાહનને તાળાં મારીને કુલ ૨૯,૫૦૦નો વહીવટીચાર્જ લેવાયો

અમદાવાદ, તા.૫

મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા શહેરમાં સતત વકરતી જતી ટ્રાફિક જામની સમસ્યાના નિરાકરણ માટે વિવિધ પ્રકારના ઉપાયો અજમાવવામાં આવી રહ્યા છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આ સમસ્યા વધુ વિકટ બનતી જાય છે, જેના કારણે તાજેતરમાં મ્યુનિ. કમિશનર એમ. થેન્નારસને ખાસ પાંચ વીઆઈપી રોડ માટે વિશેષ અભિયાન હાથ ધરવાની તાકીદ સંબંધિત અધિકારીઓને કરી છે.



આ પાંચ વીઆઈપી રોડ પરના ટ્રાફિકને નડતરરૂપ દબાણ કે વાહનને દૂર કરી લોકોને સરળતા કરી આપવાના ઉદ્દેશથી તમામ રોડ દીઠ અમલીકરણ અધિકારી અને સુપરવિઝન અધિકારીની નિમણૂક કરાઈ છે. દરમિયાન, માત્ર ઉત્તર પશ્ચિમ ઝોનના કુલ ત્રણ રોડની કામગીરીની વિગત તપાસતાં અત્યાર સુધી મ્યુનિસિપલ તિજોરીમાં રૂ. સવા ત્રણ લાખ દંડ પેટે વસૂલાયા હોવાની વિગત જાણવા મળી છે. આમાં ઉલ્લેખનીય છે કે જજીસ બંગલો રોડનો પણ કામગીરીમાં સમાવેશ થયો છે.

ઉત્તર પશ્ચિમ ઝોનના રન્નાપાર્ક, પ્રભાતચોકથી ચાણક્યપુરીબ્રિજ થઈ ડમરું સર્કલથી કારગિલ પેટ્રોલ પંપ થઈ હાઈકોર્ટથી સોલા ભાગવત સુધીનો રોડ, કેશવબાગથી માનસી સર્કલથી જજીસ બંગલો થઈ પકવાન ચાર રસ્તા સુધીનો રોડ અને ઈસ્કોન ચાર રસ્તાથી ગોતા ચાર રસ્તા થઈ વૈષ્ણોદેવી સર્કલની બંને બાજુનો રોડ એમ આ ત્રણ રોડ પરનાં દબાણ તંત્રએ ગઈ કાલે દૂર કર્યાં હતાં અને ૬૪ વાહનને તાળાં મારીને કુલ ૨૯,૫૦૦નો વહીવટીચાર્જ વસૂલ્યો હતો. આ ઉપરાંત પ્રભાત ચક ચાર રસ્તા, ડમરું ચાર રસ્તા, જજીસ બંગલો ચાર રસ્તા અને પકવાન ચાર રસ્તા પરથી પણ દબાણ દૂર કરાયાં હતાં તેમજ અનધિકૃત પાર્ક કરાયેલી રિક્ષાઓને હટાવાઈ હતી.

તંત્રએ કુલ પાંચ લારી, ૨૬ બોર્ડ-બેનર અને ૫૬થી વધુ પરચૂરણ માલસામાન પણ જપ્ત કરી સિંધુ ભવનના ગોડાઉનમાં જમા કરાવ્યો હતો.જયારે ૩ ઓગસ્ટે તંત્રએ ૧૦૦ જેટલાં વાહનને તાળાં મારી રૂ. ૫૭ હજાર જેટલો વહીવટીચાર્જ વસૂલ્યો હતો. પાંચ જેટલાં વાહનને ટ્રાફિક પોલીસ સાથેની સંયુક્ત ડ્રાઈવ દરમિયાન ટોઈંગ કરાયાં હતાં. સત્તાવાળાઓએ સાત લારી-ગલ્લા, ૧૨ વાંસ-વળી, ૧૧૬ પરચૂરણ માલસામાન અને ૨૬ જાહેરાતનાં બોર્ડ-બેનર જપ્ત કર્યાં હતાં.

# એટીએસ દ્વારા ઝડપેલા બે આતંકીને આજીવન કેદની સજા

## અંકલેશ્વર સેશન્સ કોર્ટનો મહત્વનો ચુકાદો : અમદાવાદમાં આતંકી પ્રવૃત્તિને અંજામ આપવા અને આતંકી નેટવર્ક મજબૂત બનાવાની ગતિવિધિમાં સક્રિય આતંકીઓને સજા ફટકારાઈ

અમદાવાદ,તા.૫

અંકલેશ્વર સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. એટીએસએ ઝડપેલા બે આતંકીને આજીવન કેદની સજા ફત્કરવામાં આવી છે. દેશ વિરોધી પ્રવૃત્તિઓમાં આતંકી જોડાયેલ હતા.

સરદાર પટેલ હોસ્પિટલમાં તબીબ તરીકે આરોપી નોકરી કરતો હતો. બન્ને આરોપીઓનું જૈંજી સાથે કનેક્શન પણ હતું. વર્ષ ૨૦૧૪માં અમદાવાદમાં આતંકી પ્રવૃત્તિને અંજામ આપવા અને આતંકી નેટવર્ક મજબૂત બનાવાની ગતિવિધિમાં સક્રિય આતંકીઓને સજા આપવામાં આવી છે. મોહમદ કાસીમ અને ઉબેડ મિરઝામ આંતકવાદી પ્રવુતિઓ સાથે જોડાઈ સોશિયલ મીડિયા મારફતે અને અન્ય રીતે લોકોને આંતકવાદી પ્રવૃતિઓમા જોડતા હોવાની માહિતી મળી હતી જેને લઈ તે બંનેના નંબરો સર્વેલન્સમાં મૂકવામાં આવ્યા હતા જે બાદ સમગ્ર ઘટના સામે આવી હતી. માહિતી સાચી હોવાને લઈ તે અંગે કેટલાક પુરાવા એકત્ર કરવામાં આવ્યા હતા. જે બાદ ૨૦૧૭માં આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જે દરમ્યાન આરોપીઓ પાસેથી પેનડ્રાઈવ, મોબાઈલ ડેટા, સહિત બહાર ના દેશોની પ્રવુતિઓ સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યુ હતું.

આ બંને આરોપીઓ અન્ય લોકોને આતંકવાદી પ્રવુતિઓમાં જોડતા હતા. મહત્વનુ છે કે આ આરોપીઓએ અન્ય ૪ લોકોને આવી ગેરકાયદે પ્રવુતિઓમાં જોડવા માટે તાલીમ આપી હતી. જે બાદ આરોપીઓ દ્વારા અમદાવાદના ધાર્મિક સ્થળોએ રેકી કરીને યુવાનોને ફસાવવાનું કાવતરું રચ્યું હતું. જે આરોપીઓને લઈ અંકલેશ્વર સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. બે આતંકીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. કારણ કે બંને આરોપીઓ દેશ વિરોધી પ્રવૃત્તિ કરતાં હતા અને અન્ય લોકોને પણ આ પ્રવૃતિઓમાં ધકેલતા હતા.

### ૧૦ ટકા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અસ્તિત્વમાં રહેલી સુવિધાઓને અસર કર્યા વિના જમીનનો ઉપયોગ કરી શકાશે. આદેશ પ્રસિદ્ધ થયાં પહેલાં હયાત રોડ, રસ્તા, માર્ગ, કેનાલ વિગેરેની સરકારી જમીન બજાર કિમતના ૧૦૦ ટકાના દરે વપરાશી હક્કે ફાળવવામાં આવી હશે તો તે વધારાની રકમ પરત મળવાપાત્ર રહેશે નહીં પરંતુ ભવિષ્યના કેસોમાં વધારાની રકમ સરભર કરવાની રહેશે. મહેસૂલ વિભાગના આદેશનું પાલન રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોએ કરવાનું રહેશે.

### મકાનો ભાડે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતમાં ભાડા કૌભાંડ આકાર લઈ રહ્યું છે, જેમાં શરતભંગના કેસ દાખલ કરી ભાડે આપેલા આવાસનો સરકારે કબજો લઈ લેવાની જરૂર છે. રાજ્યના કેટલાક શહેરોમાં સ્થાનિક સંસ્થાઓએ એક ઝૂંબેશ શરૂ કરી છે, જેમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. જેમને મકાન લાગ્યા છે તેઓ હકીકતમાં એફોર્ડેબલ હાઉસમાં રહેતા નથી પરંતુ ભાડે ચઢાવી દીધાં છે.

ગાંધીનગરમાં સરકારી ક્વાર્ટર મેળવીને પેટા ભાડુઆતો જોવા મળતા હતા તેવી રીતે આ સ્કીમોમાં પણ ભાડુઆતો જોવા મળી રહ્યાં છે. સરકાર ગરીબો માટે જે યોજના કરે છે તેને સમાજના બિનજવાબદારર અને લેભાગુ તત્વો છિન્નભિન્ન કરી નાંખે છે. ત્યારે સમાજે પણ જાગૃત થવાની જરૂર છે.

### શિલાન્યાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૩૦૯ રેલવે સ્ટેશનો ને અત્યાધુનિક સુવિધાઓ સાથે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યા છે.તેમાંથી ૧૨૦ સ્ટેશન પશ્ચિમ રેલવે ના અધિકારક્ષેત્રમાં આવે છે. ભારતીય વિવિધતાની ભવ્યતાને પ્રતિબિંબિત કરતા, આ પુનઃવિકાસિત સ્ટેશનો નવી અત્યાધુનિક પેસેન્જર સુવિધાઓ તેમજ હાલની સુવિધાઓના અપગ્રેડેશન અને રિપ્લેસમેન્ટથી સજ્જ હશે.અમૃત ભારત સ્ટેશન યોજના અનિચ્છનીય માળખાં ને દૂર કરી, રેલવે સ્ટેશનો સુધી સરળ પહોંચ ,વધુ સારી લાઈટિંગ વ્યવસ્થા,વધુ સારો પરિભ્રહ્મણ,વિસ્તાર,અદ્યતન પાર્કિંગ-સ્થળ, દિવ્યંજનો ને અનુકૂળ,ઈન્ટ્રા ગ્રીન એનર્જીના ઉપયોગથી પર્યાવરણ નેઅનુકૂળ ઈમારતો વગેરે સુવિધાઓ પ્રદાન કરવાનો સમાવેશ થાય છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૬ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા "અમૃત ભારત સ્ટેશન યોજના" હેઠળ ભારતીય રેલવે ના ૫૦૦ થી વધુ રેલ્વે સ્ટેશનોના પુનઃવિકાસ માટે શિલાન્યાસ કરશે.જેમાં પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ ના અસારવા, પાલનપુર, કલોલ, નવા ભુજ, ભચાઉ, પાટણ, હિંમતનગર, વિરમગામ અને ધ્રાંગધ્રા સ્ટેશનનો શિલાન્યાસ કરશે.

ઉલ્લેખનીય છે કે મહત્વાકાંક્ષી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ અપગ્રેડેશન અને ટ્રાન્સફોર્મેશન માટે પશ્ચિમ રેલવેના ૧૨૦ સ્ટેશનોની ઓળખ કરવામાં આવી છે. જેમાંથી ૮૭ સ્ટેશનો ગુજરાત,૧૬ સ્ટેશન મહારાષ્ટ્ર, ૧૫ સ્ટેશન મધ્યપ્રદેશમાં અને ૨ સ્ટેશન રાજસ્થાન રાજ્યમાં છે.

### નજરકેદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધુમાં કહ્યું કે, એક તરફ શ્રીનગરમાં મોટા હોર્ડિંગ્સ લગાવીને લોકોને ઉજવણી કરવાનું કહેવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ બળ દ્વારા લોકોની અસલી ભાવનાઓને દબાવવામાં આવી રહી છે. એવી અપેક્ષા છે કે સુપ્રીમ કોર્ટ આ અંગે સંજ્ઞાન લેશે અને આગામી દિવસોમાં સુનાવણી દરમિયાન તેને ધ્યાનમાં રાખશે.

પીડીપીનો દાવો છે કે, વહીવટીતંત્ર અનુચ્છેદ ૩૭૦ નાબૂદ કરવાની ચોથી વર્ષગાંઠ પર એક કાર્યક્રમનું આયોજન કરવા માંગતું હતું પરંતુ પ્રશાસને તેમને આ મામલે મંજૂરી આપી ન હતી. ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ જમ્મુ અને કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવવામાં આવી હતી. આ પછી સરકારનો દાવો છે કે રાજ્યમાં આતંકવાદી ગતિવિધિઓમાં ઘટાડો થયો છે અને સ્થિતિ સામાન્ય છે. આ સમયે સુપ્રીમ કોર્ટમાં અનુચ્છેદ ૩૭૦ હટાવવા વિરુદ્ધની અરજીઓ પર પણ સુનાવણી ચાલી રહી છે.

### બુલડોઝર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ રમખાણોમાં સામેલ હતા, તેથી સીએમના આદેશ પર કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્થળ પર હાજર અધિકારીઓના જણાવ્યા મુજબ ગેરકાયદેસર કબજાની જમીન ખાલી કરાવવામાં આવી રહી છે. આ પહેલા ગઈકાલે સ્થાનિક વહીવટીતંત્રે ચાર જગ્યાએ બુલડોઝર ચલાવીને ગેરકાયદે બાંધકામો દૂર કર્યા હતા. ગુરુવારે પણ નુહના તાવડુમાં બુલડોઝર ચાલવામાં આવ્યું હતું.